## જન્મદિને વધામણી



મકબુલખાન શબદલખાન પઠાણ
મો. ૯૯૯૮૭ ૨૨૪૧૯



મુકુંદ નવીનચંદ્ર બારોટ
આસી., ડિસ્ટ્રીક્ટ કોર્ટ
મો. ૭૪૦૫૭ ૬૩૧૨૧



મયંક ગિરીશભાઈ શાહ
મો. ૯૯૭૯૩ ૩૨૭૨૮



જીનલ ગિરીશભાઈ શાહ
મો. ૭૭૭૮૯ ૯૧૨૪૪



આયુષ નિકુલ વ્યાસ
મો. ૯૩૭૭૨ ૦૪૭૩૫



અથર્વ નિકુલ વ્યાસ
મો. ૯૩૭૭૨ ૦૪૭૩૫



દિયા તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૦૪૧ ૫૮૭૬૨



દેવાંશીબા ઝાલા
મો. ૯૯૨૫૨ ૬૨૭૦૦



પ્રિયાંશ તૃષારકુમાર પટેલ
મો. ૯૭૨૫૩ ૬૩૧૯૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય સર્જકો દ્વારા લિખિત સાહિત્યનું પુસ્તક બનાવાશે

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય સર્જકો દ્વારા લિખિત સાહિત્યનું પુસ્તક તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક શનિવારે પ્રમુખ ભરત કવિ અને યજમાન સોમાભાઈ પરમારના સથવારે યોજાઈ હતી, જેમાં આ નિર્ણય કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ આગામી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ આયોજિત કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમના ભાગરૂપે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય એવા સર્જકો દ્વારા સાહિત્યનું સંપાદન કરી પુસ્તકનું પ્રકાશન કરવામાં આવશે. આ માટે પદ્યમાં કવિતા, ગીત, ગઝલ અને ગદ્યમાં લઘુકથા (૫૦૦ શબ્દોની મર્યાદામાં) પ્રતિ સર્જક એક કૃતિ મોકલી આપવા મંત્રી સંજય થોરાતે આમંત્રણ મોકલ્યું છે.

આ પુસ્તકનું સંપાદન કવિ કિશોર જીકાદરા (૯૮૭૯૪ ૭૫૧૩૦), પ્રજ્ઞાબેન પટેલ (૯૮૨૫૪ ૩૮૩૯૪) અને રમણ વાઘેલા (૯૯૭૮૪ ૪૦૬૧૬) દ્વારા થઈ રહ્યું છે, તેથી દરેક સર્જકને પોતાની કૃતિ ૮મી ફેબ્રુઆરી પહેલાં મોકલી આપવા તેમણે વધુમાં જણાવ્યું છે.

# હાસ્ય કલાકાર સાંઈરામ દવેને ગ્લોરી ઑફ ગુજરાત ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૨૯
ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વૅલફૅર, ગુજરાત દ્વારા અલગ અલગ ક્ષેત્રમાં વિશેષ યોગદાન આપનાર યુવા પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજભવન, ગાંધીનગર ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં જાણીતા હાસ્ય કલાકાર, લોકસાહિત્યકાર, કવિ અને શિક્ષણવિદ સાંઈરામ દવેને ગ્લોરી ઑફ ગુજરાત ઍવોર્ડથી રાજ્યપાલ ઓ પી કોહલીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

હાસ્ય અને લોકસાહિત્ય ક્ષેત્રમાં રાષ્ટ્રભક્તિ અને દેશપ્રેમની વિશિષ્ટ છણાવટ બદલ સાંઈરામને આ સન્માન પ્રાપ્ત થયું હતું. આ જ સમારોહમાં કવિ માધવ રામાનૂજ અને તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી શ્રેણીના નિર્માતા આસિત મોદીને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. સૌથી નાની વયે ગુજરાત ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કર્યા બાદ સાંઈરામ દવેને આ ઍવોર્ડ મળતાં તેમના ચાહક વર્ગમાં હર્ષની લાગણી છવાઈ છે અને તેમના પ્રતિ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

# સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે પૅરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજાયો



પાર્ટનરશીપ વિથ પૅરેન્ટ્સના ભાગરૂપે સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ પ્રતિવર્ષ પ્રજાસત્તાક દિને પૅરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજે છે. આ વર્ષે પણ એ જ રીતે પૅરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજવામાં આવ્યો હતો. શાળાના સૅન્ટ્રલ કૉર્ટ યાર્ડમાં આનંદભર્યા વાતાવરણમાં પદ્ધતિસર અને સફળતાપૂર્વક યોજાયેલા આ સ્પોર્ટ્સ ડેમાં ૬૦૦ જેટલા વાલીઓએ જોડાઈને સૅક રેસ, ટાયર રેસ, પૉટ બૅલેન્સિંગ, હૂપ રેસ, ટાયર વિયરિંગ, બલૂન રેસ, બ્લાસ્ટ ધ બલૂન, થ્રી લેગ્ડ રેસ જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. સંસ્થાના ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ અને ભાગીદારી સાથે સ્કૂલની કોર ટીમ તથા ઈવેન્ટ સંયોજક નિલમ પરમાર, કિંચલ પટેલ, નિશા રાણા, સંગીતા સિંઘનીની દેખરેખમાં સમગ્ર સૅશનનું સુચારુ સંચાલન થયું હતું, જેમાં શાળાના સમગ્ર પરિવારે સહયોગ આપ્યો હતો. પલ્લવી મહેતાએ કાર્યક્રમ સંચાલન કર્યું હતું.

# સી ઍમ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ રગ્બી ફૂટબૉલ સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૯
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ની ટીમના ખેલાડીઓએ રગ્બી ફૂટબૉલ (અન્ડર-૧૭, ભાઈઓ) સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા રમતગમત અધિકારી દ્વારા રાજ્યકક્ષાની રગ્બી ફૂટબૉલ સ્પર્ધા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, સૅક્ટર-૧૫ ખાતે યોજવામાં આવી હતી, જેમાં શનિ જાની, સંજય નિનામા, દર્શન ચરપરિ, માર્ગીશ પટેલ, જયદીપ સોઢા, જયદીપ વાઢીયા, કમલેશ બામણીયા, કુલદીપ રાઠોડ, હરપાલસિંહ વાઘેલા, કુલદીપ મોદી, આશિષ દેસાઈ અને રામ ખટારિયાએ ભાગ લીધો હતો અને આ ટીમે રાજ્યકક્ષાની સ્પર્ધામાં તૃતિય ક્રમનું ઈનામ મેળવ્યું હતું.

ટીમના ખેલાડી શનિ જાનીની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી, જેને સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. ત્યારબાદ તેણે ઓડિશા ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સ્કૂલની આ વિજેતા ટીમને વ્યાયામ શિક્ષક લાભુભાઈ દેસાઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શાળા પરિવાર વતી આચાર્ય બી કે પટેલ અને વાઈસ પ્રિન્સિપાલ પી ઍસ પટેલ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

કેટલાક લોકો
મોટા થવાના વહેમથી
મરી ગયા
ને જે મોટા હતા
એ અહમથી મરી ગયા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડબ્ડ હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડબ્ડ અંગ્રેજી)
૮.૦૦

**સ્ક્રીન-૪**
ધ ફૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

### ચંદ્રાલાનાં ઉમા સંસ્કારતીર્થમાં ધ્વજવંદન સાથે

# મહિલા મહાસંમેલનનું ઉષ્માભર્યું આયોજન



ગાંધીનગર, તા. ૨૯
તારીખ છવ્વીસમી જાન્યુઆરીનાં રોજ દેશનાં ૬૮માં ગણતંત્ર દિવસ નાં શુભ અવસર પર ગાંધીનગર જીલ્લાનાં ચંદ્રાલા ગામમાં આવેલ શાળા ઉમા સંસ્કાર તીર્થ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ આયોજીત કરાયો. આ અવસર પર સ્કુલનાં વિશાળ સંકુલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેને સ્કુલની શિક્ષિકાઓ તથા વિધ્યાર્થીનીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવ્યા હતાં.

આ અવસર પર મુખ્ય મહેમાનોમાં અવકાશ પ્રાપ્ત કલેક્ટર કાન્તીભાઈ પટેલ, ડો.જાગૃતિ બહેન, કિસાન સંઘનાં સક્રિય આગેવાન જીવણદાદા, પૂર્વ જિલ્લા શિક્ષણ અધિકારી ડાહ્યાભાઈ મોદી,લેખક-રંગમંચ કલાકાર મુકેશ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. મેનેજીંગ ટ્રસ્ટી મનુભાઈ પટેલે પોતાનાં પ્રવચન દરમ્યાન સંસ્થા તથા સ્કુલની પ્રવૃત્તિઓ પર પ્રકાશ ફેંકતા જણાવ્યું હતું કે આ સ્કુલમાં શિક્ષિત કન્યાઓ આજે સરકાર તથા ખાનગી મોટી મોટી કંપનીઓમાં ઉચ્ચ સ્થાનો પર સેવા આપીને પોતાના સાથે સમાજ, દેશ અને સંસ્થાનું નામ રોશન કરી રહી છે.

આ શુભ દિવસના અવસર પર રાષ્ટ્રગાન તથા ભોજન બાદ શાળાનાં સંકુલમાં સમાજમાં કુરિવાજો,દુષણોને દુર કરવા પ્રથમ વાર એક સ્ત્રી મહાસંમેલનનું આયોજન કરીને નવો ચીલો ચાતર્યો. આ સંમેલનમાં હિંમતનગર સુધીની મહિલાઓ ઉપસ્થિત રહી ને સંમેલન પ્રતિ પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. સંમેલનનો મુખ્ય ધ્યેય સમાજમાં ફેલાયેલ બદીઓને સ્ત્રીઓ દ્વારા દુર કરી નવીન સમાજનું નિર્માણ કરવું છે તેમ સંસ્થાનાં સંસ્થાપક ભુરદાદાનાં પત્ની હીરાબાએ જણાવ્યું. જયારે સંમેલનનાં મુખ્ય વકતા અને મહેમાન ડો.જાગૃતિબહેને આ વિષય પર લગ્ન, જન્મ તથા મરણ પ્રસંગ પર ત્રીસ જેટલા મુદ્દાઓમાં પરિવર્તન કરવા સ્ત્રીઓને વધુ સક્રિય થવા જણાવ્યું. આ પ્રસંગે ચંદ્રાલા ગામની મહિલાઓએ ભારે સંખ્યામાં હાજર રહી સંમેલનની વાતોને અર્થપૂર્ણ અને સાતત્યપુર્ણ જણાવી હતી. સંમેલનમાં ચંદ્રાલા ગામના સરપંચ વિનુભાઈ તથા સંસ્થાના ટ્રસ્ટીઓએ હાજર રહીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો.

# પિલવાઈ કૉલેજમાં ગણતંત્ર દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૯
વિજાપુર તાલુકાની પિલવાઈ કૉલેજમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી શાનદાર અંદાજમાં કરવામાં આવી હતી. સંસ્થાના પટાંગણમાં ત્રણેય સંસ્થાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, ઍનસીસી કૅડેટ્સ તથા ઍનઍસઍસ સ્વયંસેવકોની ઉપસ્થિતિમાં સંસ્થાના આચાર્ય ડૉ. સંજય શાહ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. ઍનસીસી કૅડેટ્સ દ્વારા શાનદાર પરેડ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશભક્તિનાં ગીતો રજૂ કરી વાતાવરણને દેશભક્તિમય બનાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍનસીસીના લેફ. ડૉ. ઍચ ઍમ અંટ તથા ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. ઍમ ઍસ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

### રૉટરી ક્લબ ઑફ દહેગામ દ્વારા

# પાલૈયા પ્રાથમિક શાળામાં ગણતંત્ર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯
૩૪ વર્ષથી નગરમાં કાર્યરત રૉટરી ક્લબ ઑફ દહેગામ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી પાલૈયા સરકારી પ્રાથમિક શાળામાં કરવામાં આવી હતી.

દિકરીને સલામ દેશને નામ થીમ સાથે આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી. ગામની સૌથી વધુ અભ્યાસ કરેલી દીકરી ધારા પટેલના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં રાઈટ ટુ ઍજ્યુકેશન, વ્યસનમુક્તિ જેવા વિષયો સાંકળી લેવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૬ દરમિયાન જન્મેલી બાળકીઓને આવકાર તથા તેમની માતાઓને સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. પરમેશ્વર કોલ્ડ સ્ટોરેજના કૈલાસભાઈના સૌજન્યથી કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, ગ્રામજનોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને કંપાસ બૉક્સ ભેટરૂપે આપવામાં આવ્યાં હતાં. રૉટરી ક્લબના પ્રમુખ જગદીશ પટેલે પોતાના પ્રવચનમાં દેશપ્રેમની વિભાવના સ્પષ્ટ કરી હતી અને બંધારણમાં નિર્દિષ્ટ હક અને ફરજોનું પાલન કરી સાચા અર્થમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવાનું આહ્વાન સૌને કર્યું હતું. આ પ્રસંગે ટ્રેનર મહેશ પટેલ, પ્રૉજેક્ટ ચૅરમૅન લક્ષ્મણ પટેલ, દાતા કૈલાશભાઈ શાહ, સૅક્રેટરી પલક શાહ, અમરિષ પટેલ, ડૉ. જગદીશ જયસ્વાલ, ભરત પંચાલ, વિષ્ણુ ભટ્ટ, સરપંચ બબુબેન પટેલ, ઉપ સરપંચ બી કે પટેલ, આચાર્ય સરિતાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં.

# બા ધૂપસળી હતાં, પોતે ઘસાઈને બીજાને સુવાસ આપતાં

## સ્વજનો અને સહકાર્યકરોનું અપાર માર્ગદર્શન મારી સિદ્ધિનું સોપાન છે, જીવન સંઘર્ષમાં ઝઝૂમવાની વ્યવહારતાલીમ અને સાથ આપનાર મારાં પ્રેરક પાત્રો જ મારે મન પ્રભુ સમાન છે.

**સંવેદના**
**મારી જીવન પ્રેરણા**

મારી પ્રેરણાના સ્ત્રોતો કંઈક અલગ છે :

કુદરત : જેમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયનો નઝારો, ખળખળ વહેતાં નદી-ઝરણાં, મહાસાગરો, વર્ષાઋતુમાં વર્ષા પહેલાંનું, દરમિયાનનું અને પછીનું વાતાવરણ, બાગ-બગીચા અને વૈવિધ્યસભર વનસ્પતિઓનો સમાવેશ થાય છે.

વર્તમાનપત્રો, કવિતાઓ, ફિલ્મી ગીતો, ગુજરાતી ગીતો, લોકગીતો અને ધાર્મિક સાહિત્ય મારે માટે પ્રેરણારૂપ રહ્યાં છે.

શાળાઓ, કૉલેજીસ, યુનિવર્સિટીઝ અને તેમના કૅમ્પસનું વાતાવરણ, મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા, દેવળોનું પવિત્ર વાતાવરણ, પુસ્તકાલયો, પુસ્તકો - આ બધાંનો સંપર્ક મારા જીવનના મહત્ત્વના પ્રેરણાસ્ત્રોત છે.

જીવનના વિવિધ તબક્કા-સ્કૂલ, કૉલેજ, નોકરી, સામાજિક સંબંધો, મિત્રોની મિત્રતા મારા જીવનનું અભિન્ન અંગ છે. તેમણે કહેલી વાતો, તેમની સાથે બનેલા પ્રસંગો મને હરહંમેશ પ્રેરણા આપતા રહ્યા છે.

વ્યક્તિવિશેષો : મારા પિતાશ્રી (ખગોળ વિજ્ઞાન, ધર્મ-કર્મ ક્ષેત્ર) ઉપરાંત મારા શાળા જીવન દરમિયાન ઉદ્દાત, ગુણવાન, ભલા, માયાળુ અને માર્ગદર્શક શિક્ષકો પાસેથી મને ઘણી પ્રેરણા મળી છે.

અંતે આવે છે ઈશ્વર. હું ઈશ્વરને એક શક્તિરૂપે સ્વીકારું છું. માનવી જેવા દેહ સ્વરૂપે નહિ. જ્યારે મિત્રો કે કોઈ પણનો સહારો રહ્યો ન હોય, જ્યારે અંતર અનરાધાર વરસતું હોય, દુખોની બોછાર વરસતી હોય ત્યારે ઈશ્વર હંમેશાં એક પ્રકાશરૂપે, એક શક્તિરૂપે મને ઉન્નત માર્ગે દોરે છે, પ્રેરે છે. હું ચિલ્લાઈ ઊઠું છું, ભલે મારું કોઈ ન હો, મારો ઈશ્વર છે.

**- કે એસ ત્રિવેદી, સે-૧/બી**

મારાં બા હંમેશાં મારા માટે પ્રેરણાદાયક રહ્યાં છે. સત્તર વર્ષે મને પંચ ઓપરેટરની પહેલી નોકરી તેમની પ્રેરણાથી જ મળેલી.

મેં મારી જિંદગીમાં ખૂબ સંઘર્ષ કર્યો છે ને સંઘર્ષ સામે ઝઝૂમવાની તાકાત મને બા પાસેથી મળી છે. સવારે હું કૉલેજમાં જતી, પછી નોકરીએ જતી અને સાંજે આવીને ટાઈપ ક્લાસમાં જતી. બા સવારે વહેલાં ઊઠીને ભાખરી-શાક મને ડબ્બામાં ભરી આપતાં જેથી હું સમયસર લંચ લઈ શકું. કૉલેજની ફાઈનલ પરીક્ષામાં અમદાવાદની અલગ અલગ કૉલેજમાં નંબર આવતા, ત્યારે તેઓ મારી સાથે આવતાં અને કૉલેજની બહાર ત્રણ કલાક સુધી બેસી રહેતાં, સતત ભગવાનને પ્રાર્થના કરતાં કે મારી પરીક્ષા સારી જાય. નોકરીના ઈન્ટર્વ્યૂમાં પણ હંમેશાં સાથે આવતાં, જે કારણે મને એકલતાનો અનુભવ ક્યારેય નથી થયો ને એમની હૂંફ સતત મળતી રહી છે. અમે પરસ્પર સુખદુખમાં એકબીજાનો સાથ આપ્યો છે ને સેવા કરવાનો મંત્ર હું એમની પાસેથી શીખી છું.

મારી નોકરીના શરૂઆતના સમયગાળામાં આઈએઍસ ઍનીપ્રસાદ અને સી ટી મિશ્રા મારાં પ્રેરણાદાયક રહ્યાં. મેં ન્યૂઝ રીડરનો ઈન્ટર્વ્યૂ આપ્યો ને હું સિલેક્ટ થઈ, તેમણે જ મને આગળ વધવા પ્રોત્સાહિત કરી. નોકરી છૂટ્યા પછી સાંજે ઍમઍસડબલ્યુનો કોર્સ ક્યાં ચાલે છે એ એમણે જ શોધ્યું ને મને કોર્સ શીખવા માટે પ્રોત્સાહિત કરી. બંને અધિકારી મહિલાઓએ મને નમ્રતાનો ગુણ શીખવ્યો, બીજાને મદદ કરતાં શીખવ્યું ને જિંદગીમાં આગળ વધવાની મક્કમતા શીખવી.

મારી બહેનપણીનાં મોટાં બહેન પણ મારા માટે પ્રેરણાદાયી છે, તેમની પાસેથી હું ખોટા ખર્ચ પર કાબૂ રાખવાનું ને બચત કરવાનું શીખી.

મારાં બા હંમેશાં કહેતાં : નમ્યા તે પ્રભુને ગમ્યા. આ મંત્ર મેં મારી જિંદગીમાં અપનાવ્યો છે. તેઓ નાનાની સાથે નાના અને મોટાની સાથે મોટા થઈને રહ્યા ને મને પણ એ ગુણ શીખવાડ્યો. મને ઈશ્વર તરફની ભક્તિ અને શ્રદ્ધા પણ બા તરફથી જ મળી છે. તેઓ છેવટ સુધી અંબાજી માનાં દર્શન માટે જતાં. ૯૩ વર્ષે પણ તેઓ મંદિરનાં પગથિયાં ચડીને દર્શન કરવા જતાં, ડાકોર રણછોડરાયનાં દર્શને જતાં, ઉપવાસ ખૂબ કરતાં. એ ધૂપસળી હતાં, પોતે ઘસાઈને બીજાને સુવાસ આપતાં હતાં. એમની સુવાસથી હુંય મહેકી રહી છું.

**- શકુ પંડ્યા**